Research Paper Commerce

Facebook dvara Whats App ni Kharidi
ફેસબુક દ્વારા વોટસએપની ખરીદી

THAKKAR MANOJKUMAR KANAIYALAL | Visiting Lecturer at D.N.P. Arts & Commerce College, Deesa.

BHOJWANI VINA RAMESHKUMAR | Visiting Lecturer at D.N.P. Arts & Commerce College, Deesa.

KEYWORDS

વોટ્સએપ શું છે ? :-

પાંચ વર્ષમાં જ વોટ્સએપ મેસેજિંગ સર્વિસ દ્વારા ઝડપી પ્રગતિ કરવામાં આવી છે. હાલ તેના ૪૫-૫૦ કરોડ યુઝર્સ છે. યાહુના ભૂતપૂર્વ કર્મચારીએ બ્રાયન એકટોન અને જાન કાઉમ દ્વારા ૨૦૦૯ માં તેની સ્થાપના કરવામાં ફેઝ "વોટ્સઅપ" પરથી તેનું નામ પસંદ કરવામાં આવ્યું હતું. સ્માર્ટફોન પર પરંપરાગત મેસેજિંગ સર્વિસની જગ્યાએ આધુનિક ટેકનિક સાથેની સર્વિસ પૂરી પાડવા તેને શરૂ કરાયું હતું. વોટ્સએપ મેસેન્જર દ્વારા યુઝર્સ હાલ સંદેશાઓ, ફોટા, વીડિયો, ઓડિયો વગેરે સ્માર્ટફોન પર ઈન્ટરનેટ દ્વારા મોકલી શકે છે. આમ તો આ એપ્લીકેશનનો મફત ઉપયોગ કરી શકાય છે પણ સતત ૧ વર્ષ તેનો ઉપયોગ કરવામાં આવ્યા પછી વાર્ષિક ૯૯ સેન્ટ ફી લેવાય છે. આ એપ્લીકેશન પર દરરોજ ૧૦ અબજ મેસેજિસની આપ-લે થાય છે.

ફેસબૂક શું છે ? :-

દસ વર્ષમાં જ ફેસબૂક સોશિયલ નેટવર્કિંગ સાઈટનો જન્મ થયો. ૪, ફેબ્રુઆરી, ૨૦૦૪ ના રોજ આ સાઈટ મંચ પર મૂકવામાં આવી હતી. જ્યાં તમે તમારા મુક્ત વિચારો, ફોટોગ્રાફ, વીડિયોને તમારી સાથે જોડાયેલ ફેસબૂક યુઝર સાથે શેર કરી શકો છો. ફેસબૂકે લોકોને ખૂલ્લા દિલથી અભિવ્યક્ત થતા શીખવ્યું છે. ફેસબૂક નામના પ્રણેતા માર્ક ઈલિયેટ ઝકરબર્ગે ૧૯ વર્ષની ઉંમરે લોકો સમક્ષ ફેસબૂક દ્વારા પોતાની ક્ષમતા બાર મૂકી છે. આજે એક દિવસમાં ૩૦૦ મિલિયનથી વધુ લોકો દિવસમાં એકવાર તો તેમનું ફેસબૂકનું એકાઉન્ટ ખોલે છે.

વોટ્સએપને ફેસબૂકે આટલા બધા રૂપિયા કેમ ચૂકવ્યા ? :-
(વોટ્સએપ ખરીદવા પાછળના કારણો)

વોટ્સએપની સુવિધાઓ જોખી, લોકપ્રિયતા જોખી પરંતુ તેની કિંમત આટલી બધી ના હોય તો પછી ફેસબૂક આટલા બધા રૂપિયા કેમ ચૂકવી રહ્યું છે આનો ઉત્તર છે.

ભવિષ્યની હરિફાઈનો ડર વોટ્સએપને ખરીદી લેવાથી આવો ડર રહેતો નથી. આ પહેલા પણ હાલમાં સૌથી વધુ વિકસી રહેલી એવી ફોટો શેરીંગની ઈન્સ્ટાગ્રામ ફેસબૂકે ખરીદી લીધું છે. સોસિયલ નેટવર્કીંગમાં પ્રથમ સ્થાને રહેવા માટે ફેસબૂક પહેલેથી જ આવી વિકસતી એપ કે વેબસાઈટને ખરીદી લેવા માંગે છે. બીજા શબ્દોમાં કહીએ તો આને એક રીતે ઈજારાશાહી કહેવાય એટલે કે મોનોપોલી માર્કેટ.

ફેસબૂક - વોટ્સએપ ડીલ :- (જોખમનું તત્વ)

"૧૯ અબજમાં એપ ખરીદી" આ સોદ્યની તુલના તાજેતરમાં થયેલા આવા કેટલાક સોદ્યઓ સાથે કરીએ તો ગુગલે હમણાં જ યુ-ટ્યુબ ખરીદવા માટે ૧.૬૫ અબજ ડોલરનો સોદ્યો કર્યો. ફેસબુક ૧ અબજ ડોલરમા ઈન્સ્ટાગ્રામ ખરીદી. પે-પાલ માટે ઈ-બેએ ૧.૫ અબજ ડોલરની ડીલ કરી. આ બધાથી વધારે માઈક્રોસોફ્ટે સ્કાઈપ માટે ૮.૫ અબજ ડોલરનો સોદ્યો પાર પાડ્યો ફેસબુકના ઝકરબર્ગે આ બધા સોદ્યાઓને ઝાંખા પાડી દેતા ૧૯ અબજ ડોલરનો સોદ્યો કરી વોટ્સએપ ખરીદી લીધી. ૫૫ જેટલા કર્મચારીની વોટ્સએપ માટે ૧૯ અબજ ડોલર આપવા કેટલા વ્યાજબી છે તે લોકોના પ્રશ્નો છે સ્થાપના પછી પહેલા ચાર વર્ષની વિકાસની તુલના કરીએ તે ફેસબુક ૧૪૫૦ લાખ યુઝર્સ સામે વોટ્સએપના ૪૧૯૦ લાખ યુઝર્સ છે. ત્રણ ગણો વધારે બળાપો વોટ્સએપનો છે અંદ્યાજ બાંધતા વોટ્સએપના યુઝરનો બેઈઝ બે વર્ષમાં બે અબજ પર પહોંચે તેમ છે. પોતાને ખતરો ન થાય એટલે તેને ફેસબુક કરતાં પણ અડધા યુઝર્સ ફેસબુકની કિંમતના માત્ર ૧૦ ટકાના ખર્ચે મળી રહ્યા છે ડિજિટલ એજમાં ફેસબુક નફો દેખે છે અને જોખમ ઉપાડી જોખમનું સંચાલન (risk management) કરે છે. ઝુકરબર્ગેનું એકાઉન્ટ કહે છે કે ૪૫૦૦ લાખ યુઝર્સ પૈકી ૫૦ ટકા જેટલા યુઝર અમેરિકા, યુરોપ, જાપાનના છે આ યુઝરને વોટ્સએપ પહેલા વર્ષે માટે ફ્રી હોય છે અને બીજા વર્ષથી તેમણે વર્ષનો એક ડોલર ચૂકવવાનો છે ચીન-ભારતમાં તેના ખાસા બધા યુઝર છે, પરંતુ આ દેશોમાં વોટ્સએપ ફ્રી છે અંદ્યાજ લગાવો વર્ષે તે કેટલું કમાશે આવું ગણિત માંડી વળાય છે. તેથી મર્કિના ગણિત માટે કહેવાય છે : "હાઈ રિસ્ક, હાઈ રિવાર્ડ"

ગૂગલ રૂા. ૧૧૮ અબજ કરતા વધુ રકમ આપવા તૈયાર હતી :-

વોટ્સએપનું ફેસબુક દ્વારા અધિગ્રહણ અટકાવવા ગૂગલ ૧૯ અબજ ડોલર કરતાં વધુ રકમ આપવા તૈયાર હતી ધ ઈન્ફર્મેશન દ્વારા મળેલા અહેવાલ અનુસાર ગુગલના સીઈઓ લેરીપેજ ફેસબુકની ૧૯ અબજ ડોલરની ઓફર કરતાં વધુ રકમની ઓફર આપવા તૈયાર પરંતુ કોમ એવું માનતા હતા કે ફેસબુક તેમને વધુ સ્વાતંત્ર્ય આપશે. આવું એકવાર નહિ પરંતુ વારંવાર ઉભું થયેલ છે વોટ્સએપ ખરીદવા સૌ પ્રથમ ૧૦ અબજ ડોલરની ગૂગલે ઓફર કરી હતી.

કાઈમ બ્રાંચના અહેવાલ :-

કાઈમ બ્રાંચના કહેવા પ્રમાણે, છેલ્લા છ મહિનામાં ફેસબુક પર ફેક પ્રોફાઈલથી માંડી હેરાનગતિ અંગેના ૬૦ જેટલા કેશ કાઈમ બ્રાંચ સમક્ષ આવ્યા છે જે પૈકીના ૮૦ કેસ ફેસબુકે પ્રોવાઈડ કરેલા યુઝર્સ લોગના કારણે ઉકેલાયા છે. પરંતુ વોટ્સએપ લોગ ન આપતી હોવાથી મહિનાઓથી સાઈબર કાઈમના કેસો વણઉકલ્યા છે જે હવે વોટ્સએપ ફેસબુકમાં મર્જ થશે તો પોલિસ માટે રાહતના સમાચાર છે. તપાસ માટે ફેસબુક પોલિસને યુઝર્સ લોન પ્રોવાઈડ કરે છે વોટ્સએપ રિસ્પોન્સ નથી આપતી છેલ્લે આવા કેસ સોફ્ટવેર, હાર્ડવેર ટૂલ્સના ઉપયોગ કરી ઉકેલવા પડે છે પરંતુ તમામ કેસ આવી રીતે ઉકેલાતા નથી. પરંતુ મર્જર પછી શક્ય બનશે.

વોટ્સ ખરીદીનો સમયકાળ :-

ઝુકરબર્ગે ૯ ફેબ્રુઆરીના રોજ કોઉમને પોતાના ઘેર બોલાવ્યા હતા ભોજન માટે ત્યારે જ ઝુકરબર્ગે કોઉમને ફેસબુક બોર્ડમાં સામેલ થવાની ઓફર કરી કોઉમને થોડો સમય માંગ્યો પાંચ દિવસ પછી વેલેન્ટાઈન દિને (૧૪ ફેબ્રુઆરી)એ કોઉમે ફરી ઝુકરબર્ગના ઘરે પહોંચ્યો અને સોદ્યા માટે હા પાડી.

વોટ્સએપ ફેસબુકમાં મર્જ નહી થાય, બંને કંપની અલગ રીતે કામ કરશે
(માર્ક ઝુકરબર્ગનો અહેવાલ)

-- યુઝર એકજ એપની મદ્દથી ફેસબુક અને ફોન પર રિયલ ટાઈમ મેસેજ કરી શકશે.
-- ફેસબુક પર વોટ્સએપની મદ્દથી ફોટો શેર અને સ્ટેટસ અપડેટ સંભવ છે.
-- કરાર મુજબ વોટ્સએપનું ફેસબુકમાં વિલય નહી થાય.
-- બંન્ને કંપની પોતાની મૂળરૂપે અલગ અલગ કામ કરતી રહેશે.
-- વોટ્સએપના યુઝરમાં બાળકો અને કિશોરો વધુ છે, જે ફેસબુકને મળશે.

આ કરાર દ્વારા ભવિષ્યમાં સફળતા મળશે તેની સાથે સંદ્રર્ભિત છે.

સમાપન :-

હાઈ રિસ્ક, હાઈ રિવાર્ડનું ગણિત એટલે જોખમના તત્વને સ્વીકારી રૂા. ૧૧૮૪ અબજ (૧૯ અબજ ડોલર) ના સોદ્યા પાછળ લાંબી વિચારણા અને લાંબુ સંચાલન સંકળાયેલ છે.

REFERENCES

(1) http://www.gujaratsmachar.com | (૨) "ન્યુયોર્ક ટાઈમ્સ" સમાચાર પત્ર (૩) દિવ્ય ભાસ્કર - સમાચાર પત્ર